# રમેશ દવેની વાર્તાઓમાં નારી સંવેદન

પારૂલ એમ. સોલંકી
પ્રાધ્યાપક,
વી.સી.ટી. મહિલા આર્ટ્સ ઍન્ડ કોમર્સ કૉલેજ, ભરૂચ.

નારીચેતના એ અનુઆધુનિક ગાળાની મુખ્ય વિચારધારા બની છે. ત્યારે આપણા વાર્તાકારોએ નારીનું જીવન, તેના સારા-નરસા અનુભવો, તેની ચિત્તાવસ્થા સાથે સંકળાતી વિખેરાયેલી ક્ષણોને એક તાંતણે ગૂંથવાનું કાર્ય કર્યું છે. ગુજરાતી સાહિત્યમાં સ્ત્રીની સમસ્યાનું આલેખન ઘણા સમયથી થતું આવ્યું છે. પરંતુ નારીની ચેતનાને વાચા, તેના વિકાસને અભિવ્યકિત અનુઆધુનિક યુગના સાહિત્યમાં મળે છે. સાંપ્રત ગુજરાતી વાર્તામાં સ્ત્રીની સૂક્ષ્મ પ્રકારની સમસ્યાઓનું આલેખન થતું રહ્યું છે. તેને કેવા પ્રકારના સમાધાનો, સમસ્યાનો સામનો કરવો પડે છે, તેનું પણ નિરૂપણ સભાન રીતે થયું છે.

નારીકેન્દ્રી રચનાઓમાં કોઇ એકમાત્ર સ્ત્રીની અસ્મિતાને દર્શાવાતી નથી, પરંતુ સમગ્ર નારીસમાજની અસ્મિતાને દર્શાવે છે. આવી નારીસંવેદનાને દર્શાવતી રમેશ દવેની વાર્તાઓમાં પ્રગટતા આ સંવેદનને અહીં દર્શાવવાનો ઉપક્રમ છે. એમની વાર્તાસૃષ્ટિમાંથી પસાર થતા જણાશે કે નારીજીવનને કેન્દ્રમાં રાખી ઘણી વાર્તાઓ રચી છે. રમેશ દવે પાસેથી 'શબવત્", 'જલાવરણ", 'તથાસ્તુ", 'ગોધૂલિવેળા" અને 'ખંડિયેર" એમ પાંચ વાર્તાસંગ્રહો પ્રાપ્ત થાય છે. આ સંગ્રહની વાર્તાઓમાં નારીની એકલતા, સ્ત્રીની લાચારી, નગરમાં વસતી નારી, ગ્રામ્ય નારી, અવૈધ સંબંધોની મૂંઝવણ પામતી કે ખુલ્લેઆમ સ્વીકાર કરતી નારી, પતિ-પત્નીના દામ્પત્યજીવનની વૈષમ્યતા, વિસંવાદિતાનો બોજ વેંઢારતી નારી, અપરિણીત એવી પ્રૌઢ સ્ત્રીની વ્યથા, વિશેષ રીતે આલેખન પામી છે. એમની વાર્તાઓમાં સ્ત્રીઓની વિવિધ સમસ્યાઓ આલેખન પામી છે. સ્ત્રીની સૌથી મોટી સમસ્યા એ છે કે પોતે સ્ત્રી છે. રમેશ દવેની વાર્તાઓની નાયિકાઓને પણ પોતે સ્ત્રી હોવાને કારણે કંઇકને કંઇક સહન કરવું પડે છે. અહીં કેવળ વાર્તાઓને આસ્વાદ ભૂમિકાએ તપાસવાનો ઉપક્રમ રાખ્યો છે.

૧૯૯૫માં પ્રગટ થયેલ 'શબવત્' રમેશ દવેનો ખૂબ ચર્ચાયેલ વાર્તાસંગ્રહ છે. સંગ્રહનું શીર્ષક ધરાવતી 'શબવત્' વાર્તામાં જાતીય જીવનની નવીન ક્ષણોને નિરૂપતી નારીજીવનની સંવેદનાનું આલેખન થયું છે. વાર્તાનાયિકા પતિના પ્રમોશન માટે પતિના બૉસ સાથે એક રાત પસાર કરવા જાય છે. વાર્તાનાયિકાની સ્મૃતિમાં આ વાત ધમસાણ મચાવે છે. પતિના પ્રમોશન માટે સાહેબને ખુશ કરવા પડે એ કયાંનો ન્યાય છે ? પહેલા તો નાયિકા ગુસ્સે થાય છે, પરંતુ ભારતીય નારી એ પતિનો પડયો બોલ ઝીલવો એ આદર્શ ને કારણે અનિચ્છાએ પણ એ કામ કરવા તૈયાર થાય છે. પતિ તરફથી જાતીય આવેગનો અનુભવ હંમેશા ત્રાસદાયક રહ્યો છે માટે બૉસ સાથેનો જાતીય સંબંધ નાયિકાને એક જુદી જ ક્ષણનો અનુભવ કરાવે છે. વળી પોતાના સૌંદર્યને નિહાળીને પોતાની જાત પર ખુશ પણ થાય છે. નાયિકા પોતાના પતિ કરતા બૉસ

સાથેના સંબંધમાં વધુ આનંદની અનુભૂતિ કરે છે. નાયિકા આરંભમાં વિચારતી હતી એનાથી સાવ અલગ જ બાબત તે અનુભવે છે. એને એના કૉલેજના દિવસો પણ યાદ આવે છે.

આમ, વાર્તાનાયિકા પરપુરુષના જાતીય સંબંધમાં એક નવા અનુભવને પામે છે. બૉસ સાથેના જાતીય સંબંધ સમયે પોતે મડું થઈને પડી રહીશ એવું વિચારીને ગયેલી નાયિકા વાર્તાના અંતે પતિ સાથેના સંબંધમાં શબવત્ બની જાય છે. વાર્તાકાર વાર્તા કયાંય પણ અશ્લીલ નહીં લાગે એવા એક વિશિષ્ટ પ્રકારના નૈતિક સંબંધને નવા ચીલે વર્ણવવાનો પ્રયાસ કરે છે. અહીં જાતીય સંવેદન સાથે નારીસંવેદનને સિફતપૂર્વક વાર્તાકાર આલેખે છે.

સમાજથી તિરસ્કાર પામેલ, સગા દીકરાઓ પણ જેનું મોત ઈચ્છે છે એવા રકતપિતરોગથી ગ્રસ્ત પતિની સાથે દરિયાને શરણે થવાની તૈયારી દાખવતી એવી આર્યસન્નારીની વ્યથાકથા 'પરણ્યો મારો પાનેતરનો મોર" વાર્તામાં રજૂ થઈ છે. વાર્તાના આરંભે મણિ ભૂતકાળની ક્ષણોમાં લગ્નની વિધિનું સ્મરણ કરે છે. રૂપાળો પતિ મેળવવા કેટલાય વ્રતો, જાગરણ કર્યા ત્યારે મણિને માનાપટેલ જેવો પતિ પ્રાપ્ત થાય છે. પરંતુ એજ રૂપાળા પતિને રકતપિતનો રોગ થતા શરૂ શરૂમાં મણિને પતિનું મોં કારમું લાગે છે. ગામ લોકોની માન્યતા પ્રમાણે રકતપિતના રોગથી પીડાતા વ્યકિતનો આવતો ભવ સુધારવા દરિયામાં ધકકો દઈ મુક્તિ આપવી. માના પટેલને ગામલોકો અને સગા દીકરા પણ બાપને દરિયામાં પધરાવી ગામને બચાવી લેવા તૈયાર થાય છે. પરંતુ મણિ પોતાના પતિને બચાવવા પંચના લોકો સામે ટસની મસ થતી નથી. કારણ એના માટે પોતાનો માણસ મહત્વનો છે. એના પતિને લઈ ગામ છોડી ઝૂંપડું બાંધી રહેવાની તૈયારી બતાવે છે. સગો દીકરો કાળુ લાભપાચમના દિવસે બાપને દરિયામાં પધરાવવા તૈયારી બતાવે છે. અને પહેલો પાણો મણિના હાથમાં પકડાવે છે. વળી ગોરભા કહે છે કે પહેલો અને છેલ્લો ધકકો પતિને પરણેતર મારે નહિ તો મરનારને મુક્તિ ન મળે. એની સદ્ગતિ થાય નહિ. આખું ગામ માનાપટેલને દરિયામાં પધરાવવા જાય ત્યારે મણિ ટોળા સામે ઘા કરી મુઠ્ઠી વાળી પતિ સાથે પોતે પણ દરિયામાં પડતું મૂકે છે.

આમ, અહીં મણિનું પાત્ર આર્યસન્નારી જેવું બની રહે છે. પોતાનો પતિ ગમે તેવો હોય પણ હંમેશા એના રક્ષણ માટે તૈયાર રહેતી ભારતીય નારીની છબી મણિના પાત્રમાં જોવા મળે છે. વાર્તામાં લોકોની સંકુચિત માનસિકતા, અંધશ્રધ્ધા અને મનોકુંઠાભર્યું માનસ રજૂ થવા પામ્યું છે.

'જલાવરણ"(૨૦૦૧) સંગ્રહની 'ગઢ-ઉંબર' અને 'મા-શી' વાર્તાઓમાં પણ નારીજીવનની, સ્ત્રીમનની ગલીકૂંચીનું એની સંવેદનાનું નિરૂપણ થયું છે. 'ગઢ-ઉંબર" વાર્તામાં બેતાલીસની વયે પહોંચેલી અપરિણીત નાયિકાની સંવેદના આલેખાય છે. અપરિણીત જીવનનો જેને કદી થાક કે કંટાળો અનુભવાયો નથી તે વાર્તાનાયિકા બૉસ વિનયકાંત અને મકાન માલિકના ઉપકારો તળે દબાતી રહે છે. વિનયકાંતના ઉપકારોના બોજ હેઠળ દબાતી તે લાચારી અનુભવે અને એક ક્ષણે બોસના નિમંત્રણને ન ઠુકરાવી તેમને શય્યાસુખ આપવા મજબૂર બને છે. નાયિકા મનમાં દ્રઢ સંકલ્પ કરે તો એમ ઝૂકી ન જ જવાય પરંતુ અંતે મકાન માલિક નર્યો વરુ જેવો હતો તો બૉસ વિનયકાંત લુચ્ચો શિયાળ જેવો. પરંતુ વિનયકાંત શિયાળ જેવો કહેતાની સાથે જ નાયિકા પોતાના મનની ઉલટ તપાસ કરે છે. કે પોતે જો વિનયકાંતના લંબાયેલા હાથને અવગણીને

ચાલી નીકળી હોત , એણે ઉંબર ઓળંગી જવાની થોડી હિંમત કરી હોત તો પોતાનું શોષણ થતા અટકી જાત. પરંતુ ઉપકારવશ અને ઓશિયાળાપણું નાયિકાના સ્વમાનને કેવું વેર-વિખેર કરી નાંખે છે તે સ્ત્રી સંવેદના વાર્તામાં અભિવ્યક્ત થઇ છે. સમાજમાં અપરિણિત એકલી રહેતી સ્ત્રીને કેટલીય નજરો અને પરેશાનીનો સામનો કરવો પડે છે. તે વાર્તાનાયિકાના પાત્ર દ્વારા નારીજીવનની વિવશતા દર્શાવાય છે.

'મા-શી' વાર્તામાં અન્નપુર્ણા અને દિપ્તી એ સ્ત્રીઓના જીવનની ભાવુકતાપુર્ણ ક્ષણનું આલેખન થયું છે. સમાજ હંમેશા એવું માને છે કે મા-બાપને નરક તારનારો તો પુત્ર હોવો જોઇએ. એ ન્યાયે અન્નપુર્ણા બે દીકરીના જન્મ પછી હવે ત્રીજો દીકરો આપવા મજબૂર બને છે. સાસરિયાને દીકરો જ જોઇતો હોવાની જીદ આગળ સ્ત્રી લાચાર છે. મજબૂર બનેલી તે દીકરાની મા થવા મેટરનિટી હોમની મેટ્રનને પોતાનું પાંચ તોલાનું મંગલસુત્ર આપી દઇ કોઇ બીજી સ્ત્રીના પેટે જન્મેલ પુત્રને પોતાની ત્રીજી દીકરીના બદલે સેરવી લે છે. દિપ્તીને પણ સાસરિયાઓ બાળી મૂકવાના વિચાર કરતા હતા ત્યારે અન્નપુર્ણા સમક્ષ દિપ્તી પોતાનું દુ:ખ રડે છે. અને મહિલા આશ્રમમાં જતા રહેવાનું વિચારે છે. આમ અહીં દિપ્તી અને અન્નપુર્ણાની સંવેદના એકસરખી જ છે. બંને સ્ત્રીઓ એકબીજાના દુ:ખની સહભાગી બની પરસ્પર પોતાની વ્યથા-કથા કહે છે. દિપ્તી ઘર છોડી મહિલા આશ્રમમાં જતા રહેવાનું વિચારે છે તો અન્નપુર્ણા ભૂતકાળમાં કરેલા પાપનું પ્રાયશ્ચિત કરવા ઘર છોડી ચાલી નીકળે છે. પોતાની જ નજર સામે દુ:ખી થતી દિપ્તીને જોઇને અને ભૂતકાળમાં પોતાના પેટે જન્મેલી અભાગી દીકરીને યાદ કરતી અન્નપુર્ણા દીપ્તીની મા-શી થઇને ઘર છોડી નીકળી પડે છે. છેલ્લે દિપ્તી કહે છે કે.....

**"માસીબા હું જ તમારી દીકરી હોત તો કેવું સારું....."**

આખી વાર્તામાં સંવેદનની અભિવ્યકિત અને સ્ત્રીની સંવેદનશીલતાની પરાકાષ્ટા વાચકને પણ સ્પર્શે છે.

'કંઠે હાલરડા કપોત' વાર્તામાં સંતાન ઝંખતી નારીની સંવેદના વ્યકત થઇ છે. સુચેતા અને અનંત એકબીજાને સમર્પિત દંપતિ છે. આ નિ:સંતાન દંપતિ પરપુરુષના સિમેન્સથી માતૃત્વની અમૂલ્ય ક્ષણોને માણતી સુચેતાની માતૃત્વભાવના યથાર્થ રીતે રજૂ થઇ છે. 'તમે મને ખૂબ ગમો છો પણ.....' વાર્તામાં અપરિણીત અનુપમાએ જીવનસાથી માટે આપેલી જાહેરાત વાંચી સંદિપ વૃધ્ધપિતા નૌતમકાન્તનો બાયોડેટા મોકલે - પરંતુ સમય જતા અનુપમા અચાનક નૌતમકાન્તને બદલે તેમના પુત્ર સંદિપ તરફ આકર્ષણ અનુભવે છે. અને સંદિપ આગળ પોતાના પ્રેમનો એકરાર કરે છે. આમ માનવમનમાં ઊગી નીકળતા ભાવને સહજતાથી સ્વીકારી પોતાની સ્વતંત્રતાને અકબંધ રાખતી નાયિકાની મનોદશાને લેખકે સુચારુરૂપે વાર્તામાં વર્ણવી છે.

'ત્યારે હેં દેવાયતભા, તમે શું કરશો ?' વાર્તામાં આઝાદીના આંદોલનમાં ગાંધીજીએ રસોડામાં પૂરાય રહેતી, પુરુષોના હુકમોને માનતી ભારતીય નારીને પહેલીવાર બહાર કાઢી સામેલ કરી. ગામની સ્ત્રીઓ ગોમતીબાના નેજા હેઠળ દારૂડિયાને પકડાવી દારૂનો ધંધો કરનાર દેવાયતભા સામે જંગે ચડે છે. નાયિકા સીમાનું દ્રઢપણું, નીડરતા અને સમાજ કલ્યાણની ભાવના અને તેના વિશ્વાસથી દેવાયતભાનું મન પણ પરિવર્તન થઇ જાય છે. સીમા દેવાયતભાને બરાબર ટક્કર આપનારી નારી છે. સીમા એનાથી બિલકુલ ભય પામતી નથી. આમ વાર્તાની નાયિકા સીમા દ્રઢ આત્મબળ ધરાવતી, સમાજ

કલ્યાણના કાર્યમાં અખૂટ શ્રધ્ધા ધરાવતી તે દેવાયતભાને પણ પાણી જેવા પાતળા કરી ઓગાળી નાખનાર સ્વમાની નારી છે.

'પણ તમે કરો શું ?' વાર્તામાં પરિણિત પુરુષને એકપક્ષીય પ્રેમ કરતી યુવતીની સંવેદના આલેખી છે. આરંભમાં કમલલતાએ આપઘાત કર્યો છે પણ પાછળથી બચી જાય છે. એ ઘટના આલેખી છે. અર્થ અને અનર્થ બધુ જ જાણીને સત્તાવીશ વર્ષની કમલ સાવ ગંભીર બની સંદિપ સર સાથેના સંબંધોને મેનેજ કરવા જે કરવું પડે તે કરવા તૈયાર છે. જે ગુરૂ પાસે પી એચ.ડી કર્યું એના જ પ્રેમમાં પડેલી કમલલતા બે સંતાનોના પિતા એવા સંદિપસરને પોતાના હૃદયની વાત કરે છે. આખી વાર્તા ફ્લેશબેક રચનાપ્રયુકિત દ્રારા આલેખાય છે.

'હેં...કાલે આવવાનો છે !' વાર્તામાં નાયિકાના આંતરમનમાં ઊંડે ઊંડે ધરબાયને પડેલી અતૃપ્ત ઇચ્છાઓ નાયિકાએ મોગજીને અચાનક પૂછેલા પ્રશ્ન થકી છતી થાય છે. નાયિકાના મનોવ્યાપારો દ્રારા ભૂતકાળની ઘટનાઓ ઉઘડતી જાય છે. 'મા' વાર્તામાં દુર્ઘટનાનો ભોગ બનતી વિપાશા વિકૃત ચહેરાને કારણે લાચાર, હતાશા અને નિરાશા અનુભવે છે. પત્નીનો વિકૃત ચહેરો જોઇ પહેલા તો પતિ નિખિલ પણ ડઘી જાય છે. પરંતુ આવી નાજુક સ્થિતિમાં નિખિલ વિપાશાની હિંમત બનીને ઊભો રહે છે. વાસ્તવિકતાના સ્વીકાર પછી એક સફળ ઇન્ટિરયર ડેકોરેટર્સ વિપાશા પોતાના મનને મનાવી લે છે. કારણ કે તનની સુંદરતા નહિ માણસનું મન સુંદર હોવું જોઇએ એ ભાવ નાયિકા વિપાશાના પાત્ર દ્રારા રજૂ થયો છે.

'ખંડિયેર' વાર્તામાં બળાત્કારનો ભોગ બનતી પરિણીત સ્ત્રી મેઘનાનું સંવેદન નિરૂપાયું છે. મેઘના પર થયેલ અત્યાચાર બળાત્કારની પીડાને આલેખી છે. મેઘનાને બધા જ જાણે પોતે અસ્પૃશ્ય હોય તેમ હડસેલે છે. એ તો ઠીક પણ પતિ કિર્તન પણ તેનો તિરસ્કાર કરે ત્યારે એની વેદના ચરમસીમાએ પહોંચે છે. વાર્તામાં પીઠઝબકારની રચનારીતિ વડે મેઘનાના ભૂતકાળની ક્ષણોને વર્ણવી છે. અંતે મેઘના પોતાની અવદશાથી વ્યથિત પતિ, સંતાન અને સ્વજનોને છોડી પેલા અનામી ચોકીદાર પાસે નિર્જન ખંડિયેરમાં ચાલી જવા માંગે છે.

'ના, પછી નહીં ફરું ?' વાર્તામાં બળાત્કારનો ભોગ બની સગર્ભા બનતી નાયિકાની વ્યથા નિરૂપણ પામી છે. માતા-પિતા તો બીજી દીકરીઓનો વિચાર કરી બાળકનું એબોર્સન કરાવવા માંગે છે પરંતુ નાયિકા એક માની દ્રષ્ટિએ વિચારે છે. દુર્ઘટનાનો ભોગ બનવામાં પોતાનો જ વાંક જોતી, ગર્ભમાં રહેલા પેલા નિર્દોશનો શું વાંક છે ? એમ વિચારતી પોતાના નિર્ણયમાં અડગ રહે છે.

રમેશ દવેની વાર્તાઓમાં નારીજીવનના વિધવિધ સંવેદનને આલેખતી વાર્તાઓ જોવા મળે છે. અહીં નારીજીવનની અત્યંત વિકટ અને સંવેદનશીલ સમસ્યાઓ, સંઘર્ષમય જીવન, અવૈધ સંબંધો, જાતીય જીવનની વિટંબણા વિવિધ ટેકનિકથી આલેખતી જોવા મળે છે. નારીની અપરિણીત અવસ્થાને કારણે સામાજિક અને મનોવૈજ્ઞાનિક પ્રશ્નો પણ જન્મે છે. પુરુષની સત્તા અને સમાજના બંધનોમાં જીવવા કરતા મુક્તિનો અહેસાસ કરતી સ્વતંત્ર નારી વધુ બોલ્ડ-મોર્ડન બનતી જાય છે. બંધન અને મુકિત એવા બેવડા ધોરણો સ્વીકારતી આજની નારીનું મનોગત, અસુરક્ષિતતાનો ભય વધુ સંકુલતા

ધારણ કરે છે. સ્વચ્છંદ, માન, સ્વાભિમાન, મક્કમતાથી આપત્તિનો બોજ વેઠતી સ્ત્રી પણ આજના સમાજની અલગ નારીની છબીને દર્શાવે છે. વિકટ પરિસ્થિતિ હોય એવી તાસીર પણ આ વાર્તાઓમાં પ્રતિબિંબિત થયેલી જોઇ શકાય છે. રમેશ દવેની વાર્તાસૃષ્ટિમાં આલેખાતી નારી સંદર્ભે કિરીટ દૂધાત કહે છે.....

**"આ બધા સ્ત્રીપાત્રો ગુજરાતી સમાજના નગર અને ગ્રામીણ એવા જુદા જુદા સ્તરમાંથી આવે છે. આ બધી સ્ત્રીઓ એકબીજાની પ્રતિકૃતિ બની રહેવાને બદલે અલગ વ્યકિતત્વ ધારણ કરે છે. વળી આ બધા સ્ત્રીપાત્રો પુરુષોને આધીન અથવા એમના પડછાયા બની રહેવામાંથી પણ મુકત રહ્યાં છે."**

નારીસંવેદન, નારી જીવનની સાંપ્રત સમસ્યાઓ જેવા વિષય વૈવિધ્યમાં આકાર લેતી તેમની આ વાર્તાઓ આપણા ગુજરાતી ટૂંકીવાર્તા સ્વરૂપની મહત્વની વાર્તાઓ છે. તેમજ આધુનિકોત્તર સમયગાળાની નારીસંવેદનની વાર્તાઓમાં અનોખી ભાત ઉપસાવતી આપણી પ્રાણવાન વાર્તાઓ છે.